જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૦/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૬૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૮૧ લીટર દેશી દારૂ, ૧૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૮૮ કવાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૯૨૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૬૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૯ વ્યક્તિઓની અને પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૪૬૩/૨૦૨૫**

ચાંદખેડાઃ અરૂણભાઈ સ/ઓ અમૃતભાઈ ઠાકોર (રહે. ગીતાંજલી ફ્લેટ ડી–કેબીન સાબરમતી) એ તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૨૫ રાતના ૧૨/૩૦ થી ૧/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા વિસત–ગાંધીનગર હાઈ–વે વિશ્વકર્મા એન્જીનીયરીંગ કોલેજ બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડના કેબીનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ કેબીનમાં પ્રવેશ કરી સી.સી.ટી.વી. કેમેરામા તોડફોડ કરી કેબીનમાંથી એક કોમ્પ્યુટર પોઝ મશીન (મોનીટર) કિમત રૂપિયા ૪૦,૦૦૦/– તથા એક માઉસ કિમત રૂપિયા ૨૦૦/– મળી કુલ રૂપિયા ૪૦,૨૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૪૬૪/૨૦૨૫**

ઓઢવઃ નિલેશભાઈ રમેશભાઈ શાહ (ઉ.વ.૪૨) (રહે. અક્ષર કલાઉડ રેસીડેન્સી લક્ષ્મીવર્ધક જૈન દેરાસર શાંતિવન પાલડી) એ તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૦/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ ભાવિકનગર સોસાયટી દુકાન નંબર–સી/૧૯૯ માં આવેલ પાર્શ્વ ગોલ્ડ પેલેસ નામની પોતાની દુકાનમાં કસ્ટમરના સ્વાંગમાં આવેલ બે સ્ત્રી તથા એક પુરૂષ દુકાનમા મેનેજર તથા સેલ્સમેન નાઓની નજર ચુકવી દુકાનમાંથી કાનમાં પહેરવાની સોનાની બાલી નંગ–૮ કિમત રૂપિયા ૬૫,૦૦૦/– તથા નાકમાં પહેરવાનો તાર નંગ–૬ કિમત રૂપિયા ૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૧૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી શૈલેન્દ્રસિંહ બટુકસિંહ ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૪૬૫/૨૦૨૫**

નારોલઃ કિરીટભાઇ હિરાભાઇ સોલંકી (ઉ.વ.૫૫) (રહે. સ્વામિનારાયણ પાર્ક–૦૨ શ્રી રામ રેસીડેન્સીની બાજુમાં નારોલ) તા.૧૬/૧૦/૨૦૨૫ સવારના ૫/૪૫ વાગ્યાના સુમારે નારોલ શ્રી રામ રેસીડેન્સી સામે મ્યુનિસીપલ કોર્પોરેશન ગાર્ડનના ગેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ કિરીટભાઈ સોલંકીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૯૫,૨૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કિરીટભાઇ સોલંકી એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.રાણા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૬૬/૨૦૨૫**

રિવરફ્રંટ વેસ્ટઃ મિરાન સ/ઓ કૌશિકભાઈ મકવાણા (ઉ.વ.૧૯) (રહે. આર્યનગર સોસાયટી, અમુલખ ફલેટ પાસે કાંકરીયા બેહરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૫ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે જમાલપુર સરદારબ્રીજ નીચે નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રજનીકાન્ત નથ્થુભાઈ ચલાવે છે.

દાણીલીમડાઃ નસીમબાનુ ઈમરાનભાઈ શેખ (ઉ.વ.૩૫) (રહે. નુરફલેટ અલહમદો મસ્જીદ સામે બેરલ માર્કેટ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૫ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે વધુ પ્રમાણમાં દવાની ગોળી ખાઈ લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી